ટોચ અગ્રતા- સમય મર્યાદા

सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

ક્રમાંક: યોજના/NSIG/૨૦૧૯/૧૭૦ તા.૨૧/૦૫/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ

જિ.ભાવનગર

વિષય : નેશનલ સ્કીમ ફોર ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (શિષ્યવૃતિ યોજના) હેઠળના લાભાર્થીઓને નાણા ચૂકવવા માટે તેઓના બેન્ક એકાઉન્ટની વિગતો મોકલી આપવા બાબત.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીનાં પત્રાંક ૯-૨/સ્કો/૨૦૧૯/૧૧૪૪-૭૭, તા.૧૮/૦૫/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સ્કીમ ફોર ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (SC/ST) (શિષ્યવૃતિ યોજના) હેઠળ સને.૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં સમાવિષ્ઠ એટલે કે ધોરણ.૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓને સદર શિષ્યવૃત્તિના નાણા ભારત સરકારશ્રી તરફથી બારોબાર જે તે લાભાર્થીઓને બેન્ક મારફતે ચૂકવવા માટે ભારત સરકારશ્રી તરફથી નિયત નમૂનાના પત્રકમાં વિગતો મંગાવવામાં આવેલ છે. આ યોજના હેઠળના સને ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ વર્ષના લાભાર્થીઓની માહિતિ આ અગાઉ મોકલી આપેલ છે **તે જ લાભાર્થીઓ પૈકી એટલે કે જે સને ૨૦૧૫-૧૬માં ધોરણ-૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓ એ માર્ચ-૨૦૧૭માં અને સને. ૨૦૧૬-૧૭માં ધોરણ-૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓ એ માર્ચ-૨૦૧૮માં ધોરણ ૧૦ પાસ કરેલ હોય અને સને.૨૦૧૭-૧૮નાં વર્ષમાં ધો-૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓ એ માર્ચ-૨૦૧૯માં ધોરણ ૧૦ પાસ કરેલ હોય તેવી વિદ્યાર્થીનીઓની યાદી રીવાઈઝ કરીને આ સાથે સામેલ કરેલ (ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ) નિયત નમૂનાના પત્રકમાં વર્ષ વાર અલગ-અલગ તૈયાર કરીને આ કચેરીની યોજના શાખામાં તા.૨૪/૦૫/૨૦૧૯, સાંજે ૦૫:૦૦ કલાક પહેલા શાળાનાં લેટર પેડ પર રૂબરૂ પહોંચાડવાની રહેશે. જો ઉપરોક્ત જણાવ્યા મુજબ માહિતી આ કચેરીને નહી મળે તો તે બાબતે ઊભા થનાર તમામ પ્રશ્નો બાબતે આપની જવાબદારી રહેશે. જેની નોંધ લેશો.**

Scanned by CamScanner

## ઉદાહરણ (આ ફક્ત ઉદાહરણ છે આ નમુનામાં માહિતી આપવાની નથી)

(માહિતી આપવાનો નમૂનો પછીના પેજમાં છે) – નમૂના માટે જુઓ પેજનં-3

| ધોરણ-૯માં પ્રવેશનુ વર્ષ | કુલ SC/ST કેટેગરીનાં વિદ્યાર્થીનીઓની સંખ્યા (https://scholarships.gov.in/ પર ડેટા એન્ટ્રી કરેલ હોય અથવા નામની કોપી અત્રેની કચેરીએ મોકલેલ હોય) | ધોરણ-૧૦નું પાસ કરેલ વર્ષ | કુલ SC/ST કેટેગરીનાં વિદ્યાર્થીનીઓની સંખ્યા કે જેમણે ધો-૧૦ પાસ કર્યું છે. | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૦૦ (ઉદાહરણ રુપે) | માર્ચ-૨૦૧૭ | ૮૦ | ફક્ત ૮૦ વિદ્યાર્થીનીઓની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં મોકલવી |
| ૨૦૧૬-૧૭ | ૫૦ (ઉદાહરણ રુપે) | માર્ચ-૨૦૧૮ | ૨૦ | ફક્ત ૨૦ વિદ્યાર્થીનીઓની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં મોકલવી |
| ૨૦૧૭-૧૮ | ૨૦ (ઉદાહરણ રુપે) | માર્ચ-૨૦૧૯ | ૧૦ | ફક્ત ૧૦ વિદ્યાર્થીનીઓની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં મોકલવી |

- નીચે આપેલ અને નિયત કરેલ નમૂનાના પત્રકમાં કોઈ ફેરફાર કરવાનો નથી
- **ધો-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીનીઓની માર્કશીટની નકલ અને આચર્યશ્રીનું પ્રમાણપત્ર નીચે આપેલ માહિતીના નમૂના સાથે મોકલવું.**
- આ અગાઉ જેતે વર્ષમાં આપની શાળાના વિદ્યાર્થીનીઓની મહિતી ઓનલાઇન એન્ટ્રી કરેલ છે તે વિદ્યાર્થીનીઓ પૈકી માત્ર ધો-૧૦ સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને ધો-૧૦ પાસ થયેલ અને ૧૮ વર્ષની ઉમર પૂર્ણ કરેલ તેવી વિદ્યાર્થીનીઓની માહિતી મોકલવાની છે. નાપાસ થયેલ કે અભ્યાસ અધૂરો છોડીને જતી રહેલ વિદ્યાર્થીનીઓની માહિતી મોકલવાની નથી.
- નિચે આપેલ નમુનાની Excel File કચેરીની વેબસાઇટ (https://deobhav.blogspot.com/) પરથી પણ મળી જશે. જેથી માહિતી આપવામાં સરળતા રહે.

બિડાણ: માહિતી આપવાનો નમૂનો

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારુ:**
શિ.નિ/મ.શિ.નિશ્રી - સદર કચેરી

Scanned by CamScanner

## સને. ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષની માહિતી અલગ-અલગ પત્રકમાં બનાવીને આપવી
## નીચે મુજબનો નમૂનો ભારત સરકારશ્રીએ નક્કિ કરેલ છે તેમાં જ માહિતી આપવી

National Scheme of Incentive to Girls for Secondary Education - Proforma for making maturity Payment

| Sr No | Full Name in English | Name of School | Home Address | District | State | Category SC/ST/General | Bank Name | IFSC Code | Account Number | *Aadhar Number | Father's Name | Benificiariy's Date of Birth |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

Principal Sign and Stamp

* કોલમ નં ૧૧માં જો આધાર નંબર આપેલ હોય તો તે બેંક ખાતા જોડે લિંક હોવો જોઈશે.
એક પણ કોલમ ખાલી રાખવુ નહીં
આપેલ નમુનાની Excel File કચેરીની વેબસાઇટ (https://deobhav.blogspot.com/) પરથી પણ મળી જશે.

નિયત નમૂનાના પત્રકમાં વર્ષ વાર અલગ-અલગ તૈયાર કરીને આ કચેરીની યોજના શાખામાં તા.૨૪/૦૫/૨૦૧૯, સાંજે ૦૫:૦૦ કલાક પહેલા શાળાનાં લેટર પેડ પર રૂબરૂ પહોંચાડવાની રહેશે.
જો ઉપરોક્ત જણાવ્યા મુજબ માહિતી આ કચેરીને નહી મળે તો તે બાબતે ઊભા થનાર તમામ પ્રશ્નો બાબતે આપની જવાબદારી રહેશે. જેની નોંધ લેશો.
ધો-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીનીઓની માર્કશીટની નકલ અને આચર્યશ્રીનું પ્રમાણપત્ર આ માહિતીના નમૂના સાથે મોકલવું.
આ માહિતી ભારત સરકાર દ્વારા મંગાવવામાં આવી છે તો આ બાબતને અગ્રતા આપવી

Scanned by CamScanner